## પાટણ ખાતે નવા બસ ડેપો બનાવવાની કામગીરી

* ૧૫/૩/૩૮૩: શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ ખાતે નવા બસ ડેપોનું કામ ક્યારે કઈ એજન્સીને કેટલા સમયમાં પુર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ ખાતે પીપીપી ધોરણે નવા બસ ડેપોની કામગીરી ૨૪ માસમાં પુર્ણ કરવા માટે કતીરા ક્યુબ ટ્રાન્સપ્લાઝા (પાટણ) પ્રા.લી. ને તા.૧૦-૦૭-૨૦૧૭ થી સ્વીકૃતી પત્ર આપી એજન્સી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ ન થવાના કારણો શા છે, અને | (૨)ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ફેઝ-૨ હેઠળ પીપીપી ધોરણે બસ ટર્મીનલ ડેવલપ કરવા માટે વર્ષ-૨૦૧૬ માં ટેન્ડર મંગાવવામાં આવેલ અને જાન્યુઆરી-૨૦૧૮ માં પાટણ પ્રોજેક્ટ માટે એગ્રીમેન્ટ કરવામાં આવેલ હતો, પ્રોજેક્ટ અમલીકરણ સ્ટેજે કોમન જીડીસીઆરને કારણે એફ.એસ.આઈ. મા ઘટાડો (૧.૩ થી ની સાપેક્ષે ૧.૦) થવાના કારણે પ્રોજેક્ટ ફીઝીબીલીટી ઉપર પ્રતિકુળ અસર થવા પામેલ, નગરપાલિકા અને લોકલ ઓથોરીટીની બાંધકામ પરવાનગી મેળવવામાં વિલંબ થવા પામેલ તેમજ રેરા એક્ટની અમલવારી સંદર્ભે રેરા રજીસ્ટ્રેશન અને કોરોના વૈશ્વિક મહામારીના કારણે પ્રોજેક્ટના બાંધકામમાં વિલંબ થવા પામેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે? | (૩) આગામી વર્ષમાં કામગીરી પુર્ણ કરાવવાનુ આયોજન છે. |

-------------